## જન્મદિને વધામણી



તિથિ સુરેશકુમાર રત્નોત્તર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# શીખ સમાજ દેશ, ધર્મ અને સંસ્કૃતિ માટે સમર્પિત





ગુરુ ગોવિંદસિંઘજીના ૩૫૦મા પ્રકાશ પર્વ નિમિત્તે ગુજરાત સરકાર ગુજરાતનાં બે ઐતિહાસિક ગુરુદ્વારા ભાઈ મોહકમસિંઘ ગુરુદ્વારા, બેટદ્વારકા અને ગુરુ નાનક સાહેબજી જે ગુરુદ્વારા ગયા હતા તે કચ્છના લખપતનું ગુરુ નાનક સાહેબ ગુરુદ્વારાનો રૂ.૧૦ કરોડના ખર્ચે વિકાસ કરવામાં આવશે અને પ્રવાસન વિભાગ દ્વારા તેને વિશ્વકક્ષાનું બનાવાશે. હું દેશભરમાંથી આવેલી શીખ સંગતનું ઋણ સ્વીકાર કરું છું, એમ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રવિવારે ગુરુ ગોવિંદસિંઘજીની ૩૫૦મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે ગુજરાતમાં શીખ સમાજનો સૌથી મોટા કાર્યક્રમમાં રિવરફ્રન્ટ, પાલડી ખાતે જણાવ્યું હતું. જ્યારે શીખ-સિંધી-વણજારા સમાજ દ્વારા વિશાળ પુષ્પહાર મુખ્યમંત્રીને અર્પણ થયો હતો. જ્યારે ૩૫૦મા પ્રકાશપર્વ નિમિત્તે ૩૫૦ બોટલ રક્ત પણ એકત્રિત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ગુરુ ગોવિંદસિંઘજીની ત્યાગ, બલિદાનની વાતો નવી પેઢી માટે પ્રેરણાદાયી ઈતિહાસ છે. તેમણે શીખ સમાજમાં ધર્મ, ભક્તિ, ભાવનાનું સિંચન કર્યુ છે. શીખ સમાજ પરિશ્રમશીલ અને સ્વાભિમાન સાથે જીવતો સમાજ છે. દેશમાં તમને ક્યાંય શીખ કોઈની સામે હાથ ફેલાવતો હોય તેમ જોવા નહીં મળે. દેશમાં જ્યારે પણ આપત્તિ આવી હોય ત્યારે શીખ સમાજ સૌપ્રથમ બલિદાન માટે તૈયાર થયો છે. શીખ સમાજે દેશ, ધર્મ અને સંસ્કૃતિ માટે પોતાનું સમર્પણ કર્યુ છે. જ્યારે આ પ્રસંગે સતનામસિંઘજીએ જણાવ્યું કે શીખ રમતવીરો દ્વારા પણ વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું હતું. સાથે જ અતૂટ લંગર સહિતનું આયોજન થયું હતું.

## ડાયરેક્ટ ❤ સે

મેરા મિજાજ
ગુરુર નહીં
પહેચાન હે મેરી
જો ના સમજ સકો
તો કિનારા બહેતર હે

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
રાબતા
૧૨.૪૫, ૩.૪૫
૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ધ મમી (૩ડી, હિન્દી)
૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૩૦
ધ મમી (૩ડી, અંગ્રેજી)
૩.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
બાહુબલિ-૨ : ૩.૪૫
હિન્દી મીડિયમ
૭.૦૦
કરસનદાસ પે એન્ડ યુઝ (ગુજરાતી)
૧૨.૪૫, ૯.૩૦

**સ્ક્રીન-૫**
રાબતા : સવારે ૧૦.૦૦
બહેન હોગી તેરી
૧.૦૦, ૪.૦૦
૭.૧૫, ૧૦.૧૫

# ગજાનન સેવા સમિતિ દ્વારા ચોખા અને દવાની સેવા



ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરની સેવા સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકાના જાભચિતરિયા મુકામે પાંચ ગામોના વૃદ્ધોને ૩ કી.ગ્રા. ચોખા તથા શકિતની બોટલ આપવામાં આવી હતી. આ ઉપરાંત તેની નજીક અણસોલ ગામમાં ૧૮ વૃદ્ધોને ચોખા સાથે બિસ્કીટ, કેલ્શીયમની ગોળીઓ તથા પ્લાસ્ટિકના થેલા આપ્યા હતા. શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા આ સેવાકાર્યમાં મોન્ટુ સુથાર, યોગેશભાઈ, ભીમજીભાઈ તથા મિલિન્દભાઈ જોડાયા હતા. આ ઉપરાંત શામળાજી પાસેની પ્રાથમિક શાળામાં પણ સંસ્થા દ્વારા બાળકોને નાસ્તો કરાવી બિસ્કીટના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# આધુનિક ડિજીટલ યુગમાં પણ ટાઈપરાઈટરનું અસ્તિત્વ ખરું



## કૅપિટલ રેલવે સ્ટેશન પર ફરજરત પોલીસ કર્મચારી હજુ ટાઈપ મશીન દ્વારા રોજિંદા કામો કરે છે

ડિજીટલ યુગમાં ટાઈપિંગ માટેના મશીન પર કામ કરી રહેલા આ કર્મચારીની તસવીર એ ફાઈલ તસવીર નથી, વર્તમાન તસવીર જ છે. અલબત્ત, એ જોઈને આશ્ચર્ય થાય કે આજના જમાનામાં વળી ટાઈપ મશીનનો ઉપયોગ કોણ કરે છે ! ટાઈપ મશીનના શોખીનો અંગત કામો માટે તેનો ઘરઘરાઉ ઉપયોગ તો કરે જ છે ને ગાંધીનગર શહેરમાંય આવા શોખીનો જોવા મળે છે, પરંતુ સરકારી કામ માટે તેનો ઉપયોગ થાય તે જોઈને આશ્ચર્ય થાય તે સ્વાભાવિક છે. અને આ ઉપયોગ પણ પાછો ગાંધીનગર શહેરમાં થઈ રહ્યો છે અને એય સરકારી કચેરી માટે. બાકી બધી સરકારી કચેરીઓમાં ભલે કૉમ્પ્યુટર અને વાઈ-ફાઈની સગવડો આવી ગઈ હોય પણ ઓછી સગવડો સાથે કામ કરવા ટેવાયેલા પોલીસ વિભાગમાં હજુ એ સુવિધા પહોંચી નથી. એટલે જે સાધન મળ્યું તેનાથી કામ તો ચલાવવું જ પડે એ નાતે આ પોલીસ કર્મચારી ટાઈપ મશીન પર પોતાની કામગીરી કરી રહ્યા છે. ગાંધીનગરના રેલવે સ્ટેશન એટલે કે કૅપિટલ રેલવે સ્ટેશન પર ફરજરત પોલીસ કર્મચારીની આ તસવીર છે, જે કૅપિટલમાંય અપૂરતી સુવિધાની ચાડી ખાય છે !

# હવે એલએલબી માટે ૨૮ વર્ષથી ઉપરના તમામ શિક્ષાર્થીએ બાંહેધરી આપવી પડશે

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી એલએલબીની ૧૨ જેટલી કોલેજોમાં પ્રવેશ માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેમાં ચાલુ વર્ષે ૩૦ વર્ષથી ઉપરની ઉંમર ધરાવતાં વ્યકિત પૈકી કોઈ એલએલબી કરવા ઈચ્છતાં હોય તેમને શરતી પ્રવેશ આપવાનો નિર્ણય કરાયો છે. એટલે કે આ વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યા બાદ આ પ્રવેશ સુપ્રીમ કોર્ટના ચુકાદાને આધીન રહેશે તેવી સ્પષ્ટતાં પણ કરવામાં આવી છે.

એલએલબીમાં પ્રવેશ માટે વયમર્યાદા કેટલી હોવી જોઈએ તે મુદ્દે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. બાર કાઉન્સિલ દ્વારા એલએલબીમાં પ્રવેશ માટે ૨૮ વર્ષની વયમર્યાદા નક્કી કરવામાં ઓનલાઈન રજિસ્ટ્રેશન કરતાં દરેક વ્યકિત પૈકી જેઓની વયમર્યાદા ૩૦ વર્ષ ઉપર છે તેઓએ એવી બાંયેધરી આપવી પડશે કે મારી ઉંમર ૩૦ વર્ષથી વધારે હોવાછતાં પ્રવેશ માટે ફોર્મ ભર્યા છે પરંતુ સુપ્રીમ કોર્ટ દ્વારા જે આખરી ચુકાદો આપવામાં આવશે તેને માન્ય ગણવાનો રહેશે.

જો સુપ્રીમ કોર્ટના આખરી ચુકાદા બાદ પ્રવેશ રદ કરવામાં આવે તો કોલેજ કે યુનિવર્સિટી પર કોઈ દાવો કરવાનો રહેશે નહી તેવી સ્પષ્ટતા પણ કરવાની રહેશે.આમ, હાલની પરિસ્થિતિ પ્રમાણે જ નિર્ણય યથાવત રહે તે ૨૮ વર્ષથી ઉપરની વયમર્યાદા ધરાવતાં કોઈ વ્યકિત એલએલબી કરી શકે તેમ નથી.

યુનિવર્સિટી દ્વારા હાલ તમામ વિદ્યાર્થીઓને ફોર્મ ભરવાની મંજુરી આપી છે. તા. ૧૨મીથી ૨૪મી સુધી

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

**'મારું પ્રિય પુસ્તક'**

# કેએસવીમાં બીએસસી કોમ્પ્યુટર સાયન્સ અભ્યાસક્રમનો પ્રારંભ કરાયો

ગાંધીનગર તા. ૧૧

આજના ટેકનોલોજી યુગમાં આઈ.ટી ક્ષેત્રમાં ઉજ્જવળ કારકીર્દી અને આગળ વધી શકે તે હેતુથી કડી સર્વ વિશ્વ વિદ્યાલય ગાંધીનગર સેકટર - ૧૫ ખાતે કોમ્પ્યુટર સાયન્સનો અભ્યાસક્રમ શરુ કરવામાં આવ્યો છે. આ કોર્ષમાં જોડાવા માટે ધોરણ - ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગણિત વિષય સાથે ઉતીર્ણ થયેલ હોય તેવા વિદ્યાર્થીઓ આ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકશે બી.એસ.સી. કોમ્પ્યુટર સાયન્સમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ આ નંબર પર ૯૪૦૧૦૩૬૮૮૯ સંપર્ક કરી વધુ માહિતી મેળવી શકશે.


# પલાંઠી વાળીને બેસી રહેલા લોકો માટે દુનિયા પાસે સમય જ નથી



**આત્મનાદ**
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

સો સવાસો વર્ષ પહેલાંની એક સત્ય ઘટના છે. શીઝુઓકા જાપાનનું એક નાનું અમથું ગામ. આ ગામમાં ગીહેઈ હોન્ડા નામનો લુહાર રહે. નાનુ-મોટું લુહારી કામ કરીને ગીહેઈ એના પરિવારનું ગુજરાન ચલાવે. જુની પુરાણી સાઈકલો સસ્તા ભાવે ખરીદી, લુહારી કામથી રીપેર કરી વેચવાનું પણ એ સાઈડ બાય સાઈડ કામ કરી લેતો. ૧૭ નવેમ્બર, ૧૯૦૬માં ગીહેઈને ત્યાં પારણું બંધાણુ. ફુલ જેવું મજાનું બાળક જોઈને ગીહેઈ પરિવારનો હરખ સમાતો ન હતો.

ગીહેઈએ બાળકનું નામ સોઈચોરો રાખ્યું. સોઈચોરોને રમત-ગમત વધુ રસ. ભણવાને અને સોઈચોરોને બાર ગામનું છેટું રહેતું. નાનપણથી જ પિતા સાથે લુહારી કામ કરવામાં એને આનંદ આવે. ૧૬ વર્ષની ઉંમર થતાં સુધીમાં તો સોઈચોરોએ અભ્યાસ બિલકુલ છોડી દીધો. એ અરસામાં અખબારમાં આર્ટ શોકાઈ કંપનીમાં મિકેનીકની જગા માટેની વિજ્ઞાપન સોઈચોરોએ જોઈ. અરજી કરી અને પસંદ પણ થઈ ગયો. સોઈચોરો આર્ટ શોકોઈ કંપનીમાં મિકેનિક તરીકે નોકરી કરવા ગામડેથી ટોકીયો પહોંચી ગયો. સોઈચોરોને આર્ટ શોકાઈ કંપનીએ નોકરી ઉપર તો રાખ્યો પણ એને માત્ર કાર ધોવાનું કામ આપ્યું. પ્રમાણમાં નાની કંપનીમાં સોઈચોરો સૌથી નાની વયનો મિકેનિક હતો. થોડા જ દિવસો કાર સફાઈનુ કામ કર્યા પછી સોઈચોરોએ કંપનીના માલિકને મિકેનિકનું કામ કરવા માટે વિનંતી કરી. માલિકે આ નાનકડા છોકરાની આંખોમાં કામનું ઝનુન જોયું. એમણે



સોઈચોરોને કંપનીના રેસીંગ કાર સેકશનમાં જુનિયર મિકેનિકની જગા ઉપર કામગીરી સોંપી. સોઈચોરોને દોડવું'તું ને ઢાળ મળ્યો. એણે ખૂબ લગન અને મહેનતથી કામ કર્યું અને થોડા જ સમયમાં સારા મિકેનિક તરીકે એ ઉભરી આવ્યો.

૧૯૨૪માં જાપાનમાં ખૂબ પ્રતિષ્ઠિત એવી પાંચમી કાર ચેમ્પિયનશીપ રેસ યોજાવાની હતી. આર્ટ શોકાઈ કંપનીએ આ કાર ચેમ્પિયનશીપમાં એની રેસીંગ કાર ઉતારી. અને આર્ટ શોકાઈ કંપનીની કાર આ રેસમાં સૌથી પહેલી આવી. સોઈચોરો આ કારની મિકેનીક ટીમનો અગત્યનો હિસ્સો હતો. કાર ચેમ્પિયનશીપમાં વિજેતા થયા પછી આર્ટ શોકાઈ કંપની જાપાનની સૌથી લોકપ્રિય કાર મેન્યુફેકચરીંગ કંપની બની ગઈ. અને પછી તો કંપનીએ ઘણીબધી એની શાખાઓ પણ ખોલી. એ પૈકી એક શાખા સંભાળવાની જવાબદારી સોઈચોરોને આપવામાં આવી. ૧૯૨૨થી ૧૯૨૮ સુધીની ૬ વર્ષની સોઈચોરોની આ યાત્રામાં એણે ઘણું બધું પામી લીધું. સોઈચોરોએ ૧૯૨૮માં આર્ટ શોકાઈ કંપની છોડી પોતાનું ગેરેજ ખોલ્યું. થોડા જ સમયમાં એણે કાર માટે સસ્તા અને ટકાઉ પીસ્ટન રીંગ બનાવવાનો નિર્ણય કર્યો. ટોકસાકી કંપની બનાવી સંશોધન કરી પીસ્ટન વેચવા માટે સોઈચોરોએ મોટી મોટી કંપનીના સંપર્ક કર્યા. ટોયોટો કંપનીમાં સોઈચોરોને પીસ્ટન રીંગ સપ્લાય કરવાનો કોન્ટ્રેક્ટ મળ્યો. બરાબર એ જ અરસામાં એક રેસમાં સોઈચોરોને અકસ્માત થયો. સોઈચોરો ખાસ્સો જખમી થયો. ત્રણ સાડાત્રણ મહિના હોસ્પિટલના બીછાને રહ્યો. દરમિયાનમાં ટોયોટો કંપનીએ સોઈચોરોની પીસ્ટન રીંગ ડીસક્વોલિફાય થઈ અને રિજેક્ટ કરવામાં આવી. સોઈચોરોને જબરજસ્ત પછડાટ લાગી. એની તમામ કમાણી ડુબી ગઈ. ફરી સોઈચોરોએ મહેનત કરી અને પીસ્ટન રીંગની ક્વોલિટી ઈમ્પ્રુવ કરી. મહેનત કરીને ઉભા થતાં થતાં ફરી પાછી સોઈચોરો ઉપર બીજી એક આફત આવી. ૧૯૪૪માં બીજા વિશ્વયુદ્ધ સમયે બી-૨૯ હુમલામાં સોઈચોરોની ફેકટરી આગમાં સંપૂર્ણપણે નષ્ટ થઈ. સોઈચોરો ભાંગી પડ્યો... પણ અટક્યો નહીં.

જબ આંખો મેં અરમાન લીયા, મંઝીલકો અપના માન લીયા,
હે મુશ્કીલ ક્યા, આસાન ક્યા, જબ ઠાન લીયે તો બસ ઠાન લીયા...

યુદ્ધની સમાપ્તિ બાદ સોઈચોરોએ ૪.૫૦ લાખ યેનમાં કંપનીના અવશેષો વેચી નાખ્યા. અને એ પૈસાથી ઓકટોબર-૧૯૪૬માં ટેકનિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ખોલી યુદ્ધમાં ખતમ થઈ ગયેલી જાપાનની આર્થિક હાલતના સમયે જાપનીઝ લોકો સાઈકલ ઉપર ફરતા. એમની સાયકલ ઉપર નાનકડું એન્જિન બનાવી એને ફીટ કરવાનો વિચાર સોઈચોરોને આવ્યો.

જાપાનીઝ લોકોને સોઈચોરોનો આ આઈડિયા ખૂબ ગમ્યો. અને આમ જોવા જઈએ તો બાઈસિકલ ઉપરથી બાઈકના જન્મ થવાની આ પ્રથમ ઘટના હતી. બસ અહીંથી સોઈચોરોની સફળતાના માર્ગ મોકળા થવા લાગ્યા. આ બાઈકનું નામ હતું સુઝુવા જેની કિંમત એ જમાનામાં ભારતીય કરન્સી મુજબ લગભગ ૧૫૦૦ રૂપિયા જેટલી હતી. ૧૯૪૯માં સોઈચોરોએ એની કંપનીનું નામ 'હોન્ડા' રાખ્યું. અને પછી સોઈચોરોએ ક્યારેય પાછું વળીને જોયું નથી.

૧૯૬૧માં સોઈચોરોની હોન્ડા કંપની પ્રતિમાસ એક લાખ મોટરસાઈકલનું ઉત્પાદન કરતી. તે વધીને ૧૯૬૮માં ૧૦ લાખ મોટરસાયકલનું ઉત્પાદન કરવા સુધી પહોંચ્યું. થોડા જ વર્ષોમાં જાપાન દેશની આર્થિક પરિસ્થિતિ સુધરતાં સોઈચોરોએ ટુ વ્હીલર ઉપરથી ફોર વ્હીલર ઉપર પણ હાથ અજમાવ્યો. હોન્ડા કંપની સમગ્ર વિશ્વ ઉપર છવાઈ ગઈ. એની પાછળનું મુખ્ય કારણ એ હતું કે સોઈચોરો એવા વ્યક્તિ હતા કે, મુશ્કેલીના વાવાઝોડા સામે પણ એ ઝૂક્યા નહીં. ટૂટ્યા પણ મહેનત અને લગનથી ફિનીક્સ પક્ષીની માફક ફરી ઊઠ્યા. કંપનીના નાના કામદારો સાથે મળીને સોઈચોરો રોજેરોજ કામ કરે. નાના કર્મચારીઓને પણ એ મોટા અધિકારીઓ જેટલું સન્માન આપતાં. ૫ ઓગસ્ટ, ૧૯૨૧માં સોઈચોરો આ ફાની દુનિયા છોડીને ચાલી નીકળ્યા. પણ સોઈચોરોએ દુનિયાને સંઘર્ષ દ્વારા સુલતાન બનવાની કરામત શીખવી. તેમની આ કહાનીમાં સંઘર્ષ છે, તકલીફ છે, પ્રશ્નો છે, અને મુશ્કેલીઓ છે. પણ એની સામે મુકાબલો કરવાની હિંમતની વાત છે. લક્ષ્ય નક્કી કરી આગળ વધવાની તમન્નાની તાસીરની તસવીર છે.

ન સંઘર્ષ ન તકલીફ તો ક્યાં મજા હે જીને મેં, બડે બડે તુફાન થંભ જાતે હે, જબ આગ લગે સીને મેં... સોઈચોરોના દિલમાં આગળ વધવાની એક આગ હતી. તોફાન સામે મુકાબલો કરવાની હિંમત હતી. અને એટલે જ ' હોન્ડા ધ પાવર ઓફ ડ્રીમ્સ ' સુત્ર ચરિતાર્થ થયું. મુશ્કેલીઓ આવે ત્યારે મુઠ્ઠીઓ વાળીને ભાગી જઈને પલાયનવાદનો આશરો લેવો એ તો સૌથી સહેલો માર્ગ છે. જીવનના પ્રત્યેક ડગલે એક પરીક્ષા થતી હોય છે. ડરવાવાળાને કશું મળતું નથી. દુનિયા હિંમતપુર્વક લડવાવાળાની હોય છે. કામયાબી લડવૈયાને ઘુંટડીએ પડે છે. લેખક, ચિંતક અને ફિલોસોફર થોમસ ટેન કહે છે કે, જીવનમાં જેટલો મોટો સંઘર્ષ હોય એટલી જ ભવ્ય જીત હોય છે. જીવન હારવા માટે નથી, જીતનું બીજુ નામ છે જીવન. મુશ્કેલી અને સમસ્યાઓના ડરથી જીતી ન શકાય. 'હાઉ ટુ વીન ફ્રેન્ડ્સ એન્ડ ઈંફ્લુએંસ પીપલ 'બેસ્ટ સેલર બુકના રચયિતા ડેલ કાર્નેગીના મતે, ડર નામની વસ્તુ દુનિયામાં ક્યાંય અસ્તિત્વ ધરાવતી જ નથી. એ તો માત્ર ને માત્ર માણસના દિમાગના કોઈક ખૂણે પોષાઈ રહેલો શેતાન છે. કોઈ દિવસ એવું સાંભળ્યું છે ખરૂં કે, મહેનત કરી હોય અને મંજીલ ન મળી હોય. ઊભા થઈને ચાલ્યા નહીં પણ દોડ્યા હોઈએ અને લક્ષ્ય સુધી ના પહોંચ્યા હોય એવું શક્ય છે ખરું ? કવિએ સરસ વાત કરી છે કે,

એ રાહે લેહી જાયેગીં મંઝીલ તક, હોંસલા રખ,
કહીં સુના હે કી અંધેરેને સવેરા હોને ન દીયા...

સ્વામી વિવેકાનંદ કહેતાં કે, પોતાની જાતને નિર્બળ અને અસમર્થ સમજવુ એ જીવનમાં સૌથી મોટું પાપ છે. દુનિયા તો તમારા પર આંગળી ઉઠાવવા, ટીકા કરવા માટે તૈયાર થઈને જ બેઠી છે, એવી ભ્રાંતિ મગજમાં લઈને ચાલવાથી જ પ્રગતિ અટકે છે. મહેનત ન કરનારા અને બેસી રહેલા લોકો માટે દુનિયા પાસે સમય જ નથી. દુનિયા તો સફળ થયેલા લોકોની વિશે વિચારતી હોય છે. લોકો ટીકા ત્યારે જ કરશે કે જ્યારે તમે કંઈક બની ગયા હશો. જીવન પોતાની જાતને શોધવા કરતા પોતાની જાતને બનાવવામાં છે.

**ધબકાર**

મેદાનમાં હારેલો વ્યક્તિ ફરીથી લડીને જીતી શકે છે, પણ મનથી હારેલો વ્યક્તિ ક્યારેય જીતી શકતો નથી.